eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 83
Dec. 29, 2006

## એક ન અવતરેલી બાળકીના ઉદ્ગાર

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલ એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ૨૦૦૬–૦૭ની શ્રેષ્ઠ નાટય લેખનની સ્પર્ધામાં સુરતનાં લેખિકા અને કવયિત્રી શ્રીમતિ યામિની ગૌરાંગ વ્યાસનું ફુલલેન્થ મૌલિક નાટક " મિલીના ઘર તરફ " સમાજનાં આધુનિક પ્રશ્ન " ભ્રૃણ હત્યા " નાં દૂષણ વિશે સૌને વિચારવા મજબૂર કરતી એક ભદ્ર પરિવારમાં ઉદ્ભવતી સંવેદનશીલ કથા છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૫–૧૨–૨૦૦૬ થી તા. ૩૧–૧૨–૨૦૦૬ દરમ્યાન પોંક ફેસ્ટીવલના સથવારે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



સુરત શહેરની જનતા ઉત્સવ પ્રિય છે. ગમે તેવી આફતો કે સંઘર્ષમાં પણ સુરતની પ્રજા નાના મોટા ઉત્સવ માણવાનું ચૂકતી નથી. સુરત મહાનગરપાલિકા પણ સ્વાદની શોખીન સુરતની પ્રજા માટે ફુડ ફેસ્ટીવલ, પોંક ફેસ્ટીવલ જેવા કાર્યક્રમોનું આયોજન કરે છે. તા.૨૫–૧૨–૨૦૦૬નાં રોજ સાંજે ૬.૦૦ કલાકે કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, પોલીસ પરેડ ગ્રાઉન્ડની પાસે, અઠવાલાઈન્સ તથા સાંજે ૭.૦૦ કલાકે જોગાણીનગર પાર્ટી પ્લોટ, આનંદ મહલ રોડ ખાતે તા. ૩૧–૧૨–૨૦૦૬ સુધી ચાલનારા પોંક ફેસ્ટીવલના સથવારે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## એક  ન અવતરેલી બાળકીના ઉદ્ગાર

આંગળી પકડીને તારી ચાલવા દે
માં ; મને તું આ જગતમાં આવવા દે

વંશનું તુજ બીજ કો' ફણગાવવા દે
ગોરમાની છાબ લીલી વાવવા દે

તું પરીક્ષણ ભ્રૂણનું શાને કરે છે?
તારી આકૃતિ ફરી સરજાવવા દે

ઢીંગલી, ઝાંઝર ને ચણિયાચોળી મ્હેંદી
બાળપણનાં રંગ કૈં છલકાવવા દે

રાખડીની દોર કે ગરબાની તાળી
ઝંખનાનાં દીપ તું પ્રગટાવવા દે

વ્હાલની વેલી થઈ ઝૂલીશ દ્વારે
આંગણે સંવેદના મ્હેંકાવવા દે

સાપનો ભારો નથી, તુજ અંશ છું હું
લાગણીનાં બંધનો બંધાવવા દે



**યામિની ગૌરાંગ વ્યાસ**
લેબોરેટરી ટેકનિશિયન
પેથોલોજીકલ લેબોરેટરી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલ એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ૨૦૦૬–૦૭ની શ્રેષ્ઠ નાટ્ય લેખનની સ્પર્ધામાં સુરતનાં લેખિકા અને કવયિત્રી શ્રીમતિ યામિની ગૌરાંગ વ્યાસનું ફુલલેન્થ મૌલિક નાટક ''મિલીના ઘર તરફ'' સમાજનાં આધુનિક પ્રશ્ન ''ભ્રૂણ હત્યા'' નાં દૂષણ વિશે સૌને વિચારવા મજબૂર કરતી એક ભદ્ર પરિવારમાં ઉદ્ભવતી સંવેદનશીલ કથા છે.

પંચ પરમેશ્વર, સંભવિત અસંભવ, વાત જાણે એમ બની, એક છળ ઝળહળતું, પાય એન્ડ ધી ટાર્ટ અને રીફંડ જેવા નાટકોમાં અભિનય ધ્વારા નાટ્યક્ષેત્રમાં પ્રદાન કરનાર શ્રીમતિ યામિની ગૌરાંગ વ્યાસ ધ્વારા લખાયેલ મૌલિક દ્વિઅંકી નાટક '' મિલીના ઘર તરફ '' રાષ્ટ્રિય કલા કેન્દ્રની નાટ્ય લેખન સ્પર્ધામાં પણ પ્રથમ વિજેતા બન્યું છે.

સુરત મહાનગરપાલિકાના પેથોલોજી લેબોરેટરીમાં લેબોરેટરી ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા શ્રીમતિ યામિની ગૌરાંગ વ્યાસને કવિતા, ગઝલ અને વાર્તા ઉપરાંત નાટ્ય લેખનમાં સફળ પદાર્પણ માટે અભિનંદન.

TOP

## તા. ૨૫–૧૨–૨૦૦૬ થી તા. ૩૧–૧૨–૨૦૦૬ દરમ્યાન પોંક ફેસ્ટીવલના સથવારે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

સુરત શહેરની જનતા ઉત્સવ પ્રિય છે. ગમે તેવી આફતો કે સંઘર્ષમાં પણ સુરતની પ્રજા નાના મોટા ઉત્સવ માણવાનું ચૂકતી નથી. સુરત મહાનગરપાલિકા પણ સ્વાદની શોખીન સુરતની પ્રજા માટે ફુડ ફેસ્ટીવલ, પોંક ફેસ્ટીવલ જેવા કાર્યક્રમોનું આયોજન કરે છે. તા.૨૫–૧૨–૨૦૦૬નાં રોજ સાંજે ૬.૦૦ કલાકે કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, પોલીસ પરેડ ગ્રાઉન્ડની પાસે, અઠવાલાઈન્સ તથા સાંજે ૭.૦૦ કલાકે જોગાણીનગર પાર્ટી પ્લોટ, આનંદ મહલ રોડ ખાતે તા. ૩૧–૧૨–૨૦૦૬ સુધી ચાલનારા પોંક ફેસ્ટીવલના સથવારે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને પોંક ફેસ્ટીવલને મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જાહેર જનતા માટે ખુલ્લો મુકયો હતો.



આ પ્રસંગે માનનીય ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ તેમજ સ્થાયી સમિતિ ચેરમેનશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તેમજ સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી અસ્મિતાબેન શીરોયા તેમજ વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ મ્યુ.સભ્યોશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. ઉદ્‌ઘાટન વિધિબાદ માનનીય મેયરશ્રી તેમજ અન્ય મહાનુભાવોએ સ્ટોલોની મુલાકાત લઈ અઠવા પાર્ટી પ્લોટ પર નૃત્ય નર્તન એકેડમી તરફથી રજુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ જોગાણી નગર પાર્ટી પ્લોટ પર પી. પી. સવાણી શાળાનો સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણયો હતો.

અઠવા પાર્ટી પ્લોટ અને જોગાણી નગર પાર્ટી પ્લોટના બન્ને પોંક ફેસ્ટીવલમાં પોંક અંગેના સ્ટોલો – મહાલક્ષ્મી પોંક સેન્ટર, જયઅંબે પોંક વડા, તાપી ફાસ્ટ ફુડ, પોંકની ખીચડી, દારૂવાલા બ્રધર્સ, પારેખ બ્રધર્સ, તેમજ ખાણીપીણીના સ્ટોલો જેવા કે, સુગર એન્ડ સ્પાઈસ, ગણગૌર, સુમુલ ડેરી, સુરત ખમણ, મહેશ પાઉભાજી, બચુભાઈ ભેલવાલા(ચોપાટીવાલા), જલારામ ખીચડી, કૈલાસ રેસ્ટોરેન્ટ, ન્યુ જનતા આઈસ્ક્રીમ(ચોપાટીવાલા), વિજય ડેરી, મહાલક્ષ્મી ફાસ્ટ ફુડ એમ કુલ મળીને આશરે કુલ ૯૨ જેટલા સ્ટોલો પર સુરત શહેરની સ્વાદપ્રિય જનતાએ ખાણીપીણીનો રસાસ્વાદ માણ્યો હતો.







TOP